# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું , રાજ્ય સરકારે છેવાડાના ગામ સુધી અને સામાન્ય માણસને સરળતાથી આરોગ્યની સેવાઓ મળે તેવી સુવિધા વિકસાવી છે. રાજકોટના ગોંડલમાં બિલિયાડા ખાતે પાન હેલ્થના પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે કહ્યું આ પ્લાન્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હેલ્થ એન્ડ વેલનસમાં ભારતને અગ્રેસરતા તરફ લઈ જવાનો સંકલ્પ પૂર્ણ કરશે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# EID CELEBRATION

રાજ્ય સહિત સમગ્ર વિશ્વમાં આજે ઈદ ઉલ ફિત્રની હર્ષોલ્લાસથી ઉજવણી કરાઇ રહી છે. કચ્છ જિલ્લામાં ભુજની મોટી ઈદગાહ તેમજ હમીરસર તળાવ કાંઠે આવેલી મોટી ઈદગાહ પર નમાઝ બાદ વિશેષ દુઆ માંગવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં લખતર જુમ્મા મસ્જીદ ખાતે જુલૂસ સ્વરૂપે લખતર પાટડી દરવાજા બહાર આવેલ કબ્રસ્તાન ખાતે નમાઝ પઢવા પહોંચ્યા હતા. **અરવલ્લી જિલ્લાના મોડાસા, ટિંટોઈ સહિતના તાલુકાઓમાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા શુભેચ્છા પાઠવી હતી.**

**(બાઈટ: સોયેબ જેથરા, મુસ્લીમ અગ્રણી)**

પાટણ અને બોટાદ જિલ્લામાં પણ મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ ઉલ ફિત્રની ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# DAMAN GAJENDRASINH

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું , દમણમાં કન્વેન્શન સેન્ટર બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી દેવાઈ છે. તેમણે સિલ્વાસામાં નમો મેડિકલ કોલેજ , નમો હોસ્પિટલ , સરકારી શાળાની મુલાકાત લીધા બાદ , તેમણે દમણમાં નિર્માણાધીન હવાઈમથક અને વેલનેસ સેન્ટરની મુલાકાત લીધી. દરમિયાન શ્રી શેખાવતે જણાવ્યું હતું કે દમણ દીવ પ્રવાસન માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

(બાઈટ : ગજેન્દ્રસિંહ શેખાવત (કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી)

. . . . . . . . . . . . . .

# AHMEDABAD VEHICAL FIRE

અમદાવાદના ઓઢવ બ્રિજ નીચે ટ્રાફિક પોલીસે ડિટેઈન કરેલાં 35 વાહનો બળીને ખાક થઈ ગયા હતાં. આજે વહેલી સવારે અમદાવાદના ઓઢવ બ્રિજ નીચે ટ્રાફિક પોલીસે ડિટેઈન કરેલાં 35 વાહનોમાં આગ લાગતા ફાયર બ્રિગેડની બે ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગમાં કુલ 33 ટુ વ્હીલર અને 2 ગાડીઓ ખાક થઈ ગઈ હતી. જેમાં 22 ડિટેઇન કરેલા વાહનો હતા અને 11 ટુ વ્હીલર અન્ય લોકોના પાર્ક કરેલા હતા.સીસીટીવી ફૂટેજને આધારે આગ લાગવાનું કારણ જાણવા પોલીસ પ્રયાસ કરી રહી છે.

. . . . . . . . . . . . . .

# Irrigation water

રાજ્યના સાત જિલ્લા માટે જીવાદોરી સમાન સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરાશે. કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટી જતાં સુજલામ સુફલામ કેનાલ બંધ કરાઈ છે. અમારાં મહિસાગરના પ્રતિનીધી કૌશિક જોશીના જણાવ્યા પ્રમાણે કડાણા ડેમની જળ સપાટી ઘટી જતાં સિંચાઇ વિભાગ દ્વારા નિર્ણય લેવાયો છે. જેથી અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, સાબરકાંઠા,મહેસાણા અને મહીસાગર જિલ્લાના ખેડૂતોને ઉનાળામાં પીવાના અને ખેતી માટેના પાણીની અછત સર્જાશે

. . . . . . . . . . . . .

# NARMADA PARIKRAMA

પંચકોષી ઉત્તરવાહિની નર્મદા પરિક્રમાનો પ્રારંભ થઈ ચુક્યો છે. ત્યારે લાખોની સંખ્યામાં ઉમેરતા પરિક્રમાવાસીઓ માટે તંત્ર દ્વારા આ વખતે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને પરિક્રમાવાસીઓની સંખ્યા નોંધવા માટે બે અલગઅલગ પોર્ટેબલ મેટલ ડિટેક્ટર ગોઠવવામાં આવ્યા છે. જ્યારે પરિક્રમા સુચારુ રીતે યોજાય તે માટે તિલકવાડા તરફથી આવતા શહેરાવ ઘાટ ખાતે અઢી કરોડના ખર્ચે કામ ચલાઉ નવો બ્રિજ બનાવવામાં આવ્યો છે.જેની આજુબાજુ સીસીટીવી કેમેરા સાથે એક વિશાળ ડોમ બનાવવામાં આવ્યો છે.

શનિ રવિની રજામાં અને સોમવાર એમ ત્રણ દિવસમાં 35 હજાર જેટલાં પરિક્રમા વાસીઓ પરિક્રમા કરી ચૂક્યા છે. આ પરિક્રમા એક માસ સુધી ચાલશે.

. . . . . . . . . . . . .

# SURAT CISF CRICKET

સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે ગઈકાલે પહેલી કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ- C.I.S.F. ક્રિકેટ પ્રીમયર લીગનો પ્રારંભ કરાવ્યો. આગામી આઠ એપ્રિલ સુધી યોજાનારી આ સ્પર્ધામાં આ વખતે પોલીસ અને સુરક્ષા સંસ્થાઓ સહિત વિવિધ 12 ક્રિકેટ ટીમ ભાગ લઈ રહી છે. હવાઈમથક સંસ્થાઓ અને કાયદા અમલીકરણ સંસ્થાઓ વચ્ચે સહકાર અને સંકલનને પ્રોત્સાહન આપવાના હેતુસર આ સ્પર્ધાનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . . . .

# ARMY RECRUITMENT

અગ્નિવીર માટે માટે લાયક પુરુષ ઉમેદવારો 10 એપ્રિલ સુધી સત્તાવાર વેબસાઇટ JOININDIANARMY.NIC.IN પરથી ઓનલાઈન નોંધણી કરી શકશે.

અગ્નિવીર જનરલ ડ્યુટી , અગ્નિવીર ટેકનિકલ , અગ્નિવીર ક્લાર્ક , સ્ટોર કીપર ટેકનિકલ અને અગ્નિવીર ટ્રેડ્સમેન શ્રેણીઓ માટે ભરતી હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યના 20 જિલ્લાઓ સહિત બે કેન્દ્રશાસિત પ્રદેશના પાત્રતા ધરાવતા પુરુષ ઉમેદવારો આ ભરતીમાં ભાગ લઈ શકશે.

અગ્નિવીરોની ભરતી બે તબક્કામાં હાથ ધરાશે . પ્રથમ તબક્કો ઓનલાઇન કમ્પ્યુટર આધારીત લેખિત પરીક્ષા અને બીજો તબક્કો ભરતી રેલી શારીરિક કસોટી, દસ્તાવેજ તપાસ અને તબીબી તપાસ છે.

. . . . . . . . . . . . .